જા.નં. નપશ-૦૭૩-૪-૯૯૯૨૦૦૧
કમિશ્નર,
કુટિર અને ગ્રામોદ્યોગ ...ય,
ઉદ્યોગભવન,ગાંધી
તા:- ૭ - ૯

પરિપત્ર:-

વિષય:- સફાઇ કામદારોના પુનઃસ્થાપન માટેનીપંડીત દિનદયા અંત્યોદય સ્વચ્છતા બજાર યોજના મંડળીઓની નોંધણી -

સંદર્ભ:- (૧) અત્રેના તા:૨૬-૯-૨૦૦૦ પરિપત્ર ક્રમાંક:નપશ-૦૭૩-૪-૧૯૮૭-૦૦

(૨) ગુજરાત સફાઇ કામદાર વિકાસ બોર્ડ ગાંધીનગરનો તા:૧૨-૧૦-૨૦૦૧ તથા તા:૨૩-૧૦-૨૦૦૧-નાં પત્ર.

આથી ઉપરોકત વિષય બાબતે જણાવવાનું કે સંદર્ભ-૧ માં દર્શાવેલ પરિપત્રમાં કેટલાક જીલ્લામાં યોજનાના અમલીકરણ અંગે મુશ્કેલીઓ ઉભી થતાં અત્રેનું માર્ગદર્શન માગેલ જેથી ઉકત સંદર્ભ-૨ના પત્રો વંચાણે લઇ નીચેની માર્ગદર્શક સુચનાઓ આપવામાં આવે છે. તે મુજબ મંડળીઓની નોંધણીની પ્રક્રિયા ઝડપી બનાવીને નોંધણી કરવાની રહેશે.

<u>માર્ગદર્શક સુચનાઓ:-</u>

(૧) આ યોજનામાં જણાવેલ નોડલ એજન્સીઓની કમિટિના સભ્ય સચિવ તરીકે અગાઉ ગુજરાત અનુ.જાતી વિકાસ નિગમના જીલ્લા મેનેજર નિયુકત થયેલ હતા. પરંતુ હવે નિયામકશ્રી અનુ.જાતીકલ્યાણના જીલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી સુચિત મંડળીઓની યાદી સભ્ય સચિવશ્રી તરફથી રજુ થાયતેટલી મંડળઓની જ નોંધણી જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા અગ્રતાના ધોરણે કરવાની રહેશે.

(૨) આ યોજના રાષ્ટ્રીય યોજના છે. અને જેનો મુખ્ય ઉદેશ અસ્વચ્છ વ્યવસાયમાંથી મુકત કરાવી સેનેટરી સાધન સામગ્રીનું ઉત્પાદન કરી વેચાણ કરી સફાઇ કામદારો ને આવા અસ્વચ્છ વ્યવસાય મારફત સ્વરોજગારી અપાવી તેમનું પુનઃસ્થાપન કરવાનો મુળભુત ઉદેશ છે. એટલે કે આ મંડળીઓ સ્વચ્છતા વિષયક કોઇપણ ચીજવસ્તુનુ ઉત્પાદન કરનાર હોઇ આવી મંડળીઓ ઉત્પાદન મંડળી ગણાશે.

(૩) આ યોજનાની અમલવારી પ્રથમ તબકકે ૨૦ હજારથી વધારે વસ્તીવાળા નગરોથી શરૂ કરવામાં આવેલ છે. જેથી મંડળીનું કાર્યક્ષેત્ર નગરપાલીકા અને મહાનગરપાલીકા ગણવાનું રહેશે.

(૪) આ યોજનાના લાભાર્થી સફાઇ કામદારો અને તેમના આશ્રિતો બનશે.અને મહાનગરપાલીકા માટે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નરશ્રી હેલ્થ અને નગરપાલીકાઓ માટે જીલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષપદવાળી સમિતિઓ લાભાર્થીઓની જરૂરી ચકાસણી,ભલામણ સાથે ગુજરાત સફાઇ કામદાર વિકાસ બોર્ડને મંડળીની સૈધ્ધાંતિક મંજુરી માટે મોકલશે. જેથી આ બોર્ડ જે મંડળીઓની સૈધ્ધાંતિક મંજુરી આપશે તે મંડળીઓ અને તેમના લાભાર્થીઓ આ યોજનાના લાભ માટે પાત્ર બનશે. જેથી નોંધણી પ્રકિયામાં લાભાર્થીઓ અંગે જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા કોઇ ચકાસણી કરવાની રહેશે. નહી.

(૪) આ યોજનાની અમલવારી માટેની જણાવેલ કારોબારી સમિતિ દ્વારા સૈધ્ધાંતિક મંજુરી આપેલ મંડળીઓની જ નોંધણી કરવાની રહેશે.

(૫) આ યોજના અંતર્ગત લાભાર્થી મંડળીઓને નાણાંકીય સહાય ગુજરાત સફાઇ કામદાર વિકાસ બોર્ડ મારફત મળનાર હોઇ આ મંડળીઓને પેકેજ સહાય યોજના હેઠળ નાણાંકીય સહાય મંજુર કરવાની રહેશે નહી.

ઉકત પરિપત્ર મળ્યા બાબતની પહોંચ પાઠવવા વિનંતી છે.

કમિશ્નર,
કુટિર અને ગ્રામોદ્યોગ,
ગુજરાત રાજ્ય,ગાંધીનગર વતી

નકલ રવાના પ્રતિ,

(૧) શ્રી મેનેજર(કે.વી.સી.આઇ.) અને જીલ્લા રજીસ્ટ્રાર સ.મં.(ઉ). જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર તમામ.

(૨) મદદનીશ જીલ્લા રજીસ્ટ્રારશ્રી (પંચાયત) જીલ્લા પંચાયત તમામ.

જાણ તથા અમલ સારૂં.

નકલ સવિનય રવાના:-પ્રતિ,
શ્રી મેનેજીંગ ડીરેકટરશ્રી,
ધી ગુજરાત સફાઇ કામદારબોર્ડ
બ્લોકનં.૩ ગ્રાઉન્ડ ફલોર,જુના સચિવાલય,ગાંધીનગર.

કમિશ્નર,
કુટિર અને ગ્રામોદ્યોગ,
ગુજરાત રાજ્ય,ગાંધીનગરવતી

PAKAJ

(377)